R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૮ ● તા. ૪થી મે, ૨૦૧૬ ● અંક નં. ૧૨

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : એસ. બી. રાવલ

To,

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી   કાર્યવાહક સંપાદક : રતીલાલ તુરી   સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.*

*વેબસાઈટ :* www.gujaratinformation.net   www.facebook.com/gujaratinformation.official   Phone No. : 079-232-53440

## ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

### વિવિધ સંવર્ગની જગ્યાઓ માટે ભરતી

**ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા નીચે જણાવેલ જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in પર તા. ૨૧-૪-૨૦૧૬થી તા. ૨૦-૫-૨૦૧૬ સુધીમાં ઓનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારે જેમાં photo ૧૦ KB અને signature ૧૦ KB સાઈઝથી વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો થશે.**

**કક્ષાનું નામ :** હેડ આર્ટ / લીડીંગ હેન્ડ (મિકેનીક)   **ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/-**   **કુલ જગ્યાઓ : ૧૧**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૧ | ૨ | ૪ | ૨ | - | - | ૧ | - | ૧ | - | ૧૧ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** માન્ય યુનિ. / પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિયરીંગનો કોર્સ

વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ.ની ડિગ્રી ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિયરીંગનો કોર્સ

માન્ય યુનિ. / સંસ્થાનો ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ સેફટી અથવા ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ અથવા પર્સોનલ મેનેજમેન્ટ

♦ **સીધી ભરતીની પ્રક્રિયા માટે નિયત કરેલ વેઈટેજ ગુણ :**

૧. **શૈક્ષણિક લાયકાત માટેના કુલ વેઈટેજ ગુણ :** ૭૦ ગુણ

(અ) લઘુત્તમ લાયકાત માટે વેઈટેજ ગુણ : ૫૦ ગુણ (ડિપ્લોમા એન્જિનિયરીંગમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર)

(બ) અગ્રતા માટેની લાયકાતના વેઈટેજ ગુણ

૧. ડિગ્રી એન્જિનિયરીંગમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર : ૧૫ ગુણ

૨. માન્ય યુનિ. / સંસ્થાનો ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ સેફટી અથવા ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ અથવા પર્સોનલ મેનેજમેન્ટમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર : ૫ ગુણ

લઘુતમ તેમજ અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાતો પૈકી ઉમેદવાર પાસે એક કરતા વધારે શૈક્ષણિક લાયકાત હોય તો દરેકમાં પોતાને ફાયદાકારક હોય તેવી કોઈપણ એક લાયકાત અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. જેમાં પાછળથી ફેરફારને કોઈ અવકાશ રહેશે નહીં.

**કક્ષાનું નામ :** આર્ટ-એ (મિકેનીક)   **ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/-**   **કુલ જગ્યાઓ : ૫૨**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૨ | ૫ | ૮ | ૧૦ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૨ | ૪૨ |
| અગાઉની ઘટ | ૧ | ૨ | - | ૫ | - | - | - | - | ૧ | ૧ | ૧૦ |
| કુલ | ૩ | ૭ | ૮ | ૧૫ | ૧ | ૨ | ૪ | ૫ | ૪ | ૩ | ૫૨ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મિકેનીક મોટર વ્હીકલ અથવા મિકેનીક ડીઝલ અથવા જનરલ મિકેનીકનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ. વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિયરીંગનો કોર્સ

માન્ય યુનિ. / સંસ્થાનો ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ સેફટી અથવા ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ અથવા પર્સોનલ મેનેજમેન્ટ

♦ **OMR પદ્ધતિથી હેતુલક્ષી લેખિત પરીક્ષા : ૧૦૦ ગુણ**
**લેખિત પરીક્ષા : ઓપ્ટીકલ માર્ક રીડીંગ : OMR**
**સમય : ૨ કલાક**

૧. સામાન્ય જ્ઞાન / ગુજરાતનો ઈતિહાસ / ભૂગોળ / ગુજરાતના વર્તમાન બનાવો (ધો. ૧૦ કક્ષાનું) : ૩૦ ગુણ

૨. ગુજરાતી વ્યાકરણ (ધો. ૧૦ કક્ષાનું) : ૫ ગુણ

૩. અંગ્રેજી વ્યાકરણ (ધો. ૧૦ કક્ષાનું) : ૫ ગુણ

૪. લાયકાતના વિષય વસ્તુને લગતા પ્રશ્નો : ૫૦ ગુણ

૫. કોમ્પ્યુટરના ઉપયોગના પાાની જાણકારીના પ્રશ્નો : ૧૦ ગુણ   **કુલ : ૧૦૦ ગુણ**

♦ **કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા : ૫૦ ગુણ**
**કોમ્પ્યુટર કાર્યક્ષમતાની કસોટી :   સમય : ૫૦ મિનિટ**

૧. ગુજરાતી ટાઈપીંગની કસોટી : ૧૦ ગુણ

૨. અંગ્રેજી ટાઈપીંગની કસોટી : ૧૦ ગુણ

૩. કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી : ૩૦ ગુણ   **કુલ : ૫૦ ગુણ**

નોંધ : અ.નં. ૨માં દર્શાવેલ OMR હેતુલક્ષી લેખિત પરીક્ષા અને અ.નં. ૩ માં દર્શાવેલ કોમ્પ્યુટર કાર્યક્ષમતાની પરીક્ષા એમ બંને પરીક્ષાઓમાં મેળવેલ કુલ ગુણના ૩૦ ટકા પ્રમાણે વેઈટેજ ગુણ ગણવામાં આવશે.

શૈક્ષણિક લાયકાતોના ૭૦ ગુણમાંથી મેળવેલ વેઈટેજ ગુણ અને લેખિત / કોમ્પ્યુટરની પરીક્ષાઓમાં મેળવેલ ૩૦ ટકા પ્રમાણેના વેઈટેજ ગુણ એમ બંને ગુણના કુલ સરવાળાના આધારે મેરીટ યાદી બનાવવામાં આવશે.

♦ **આવશ્યક સુચનાઓ :**

♦ પસંદગી પામનાર ઉમેદવારની નિગમના કોઈ પણ વિભાગ / એકમ ખાતે નિમણુંક કરવામાં આવશે અને તેઓ જે તે નિમણુંકના વિભાગની પસંદગીયાદીના ગણાશે તેમજ તેઓએ નિમણુંકના વિભાગ ખાતે ઓછામાં ઓછી ૫ વર્ષ ફરજ બજાવવાની રહેશે અને ત્યાં સુધી અન્ય વિભાગ ખાતે બદલીને પાત્ર થશે નહીં તેમ છતાં વહીવટી કારણોસર બદલી કરવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે. ઉમેદવાર નિમણુંક સમયે આ સિવાય પોતાના વતનના અથવા અન્ય જિલ્લાના વિભાગમાં નિમણુંક મેળવવા હક્કદાવો કરી શકશે નહીં.

♦ પસંદગી પામનાર ઉમેદવારોને આ કક્ષામાં પાંચ વર્ષ માટે માસિક રૂ. ૭૮૦૦/- ફિક્સ પગારથી કરાર આધારિત નિમણુંક અપાશે. તે સિવાય અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવા પાત્ર રહેશે નહીં ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે-૨૪૦૦) ના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાપાત્ર થશે.

♦ આ સીધી ભરતીની જાહેરાત અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો પણ અરજી કરી શકશે અને તેઓ સીધી ભરતીના ઉમેદવાર ગણાશે.

♦ તમામ ઉમેદવારોના કિસ્સામાં મહત્તમ વયમર્યાદા (ઉંમર) અને નોન ક્રિમીલીયર સર્ટિફિકેટ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ એટલે કે તા. ૨૦/૫/૨૦૧૬ની સ્થિતિએ

➔

**કક્ષાનું નામ : આર્ટ-એ (ઈલેક્ટ્રીશીયન) ફીક્સ પગાર: પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/- કુલ જગ્યાઓ : ૪૬**

| ➔ | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૨ | ૪ | ૯ | ૧૨ | ૧ | ૨ | ૩ | ૫ | ૪ | ૧ | ૪૩ |
| અગાઉની ઘટ | - | - | ૩ | - | - | - | - | - | - | - | ૦૩ |
| કુલ | ૨ | ૪ | ૧૨ | ૧૨ | ૧ | ૨ | ૩ | ૫ | ૪ | ૧ | ૪૬ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો ઈલેક્ટ્રીશીયન અથવા ઈલેક્ટ્રીશીયન પાવર પ્લાન્ટ અથવા ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનીક અથવા આર્મેચર મોટર રીવાઈન્ડીંગનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.

વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન ઈલેક્ટ્રીકલ અથવા પાવર ઈલેક્ટ્રોનિક એન્જિનિરીંગનો કોર્સ

♦ **સીધી ભરતીની પ્રક્રિયા માટે નિયત કરેલ વેઈટેજ ગુણ :**

૧. **શૈક્ષણિક લાયકાત માટેના કુલ વેઈટેજ ગુણ : ૭૦ ગુણ**

(અ) લઘુત્તમ લાયકાત માટે વેઈટેજ ગુણ : ૫૫ ગુણ (આઈ.ટી.આઈ પાસમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર)

(બ) અગ્રતા માટેની લાયકાતના વેઈટેજ ગુણ : ૧૫ ગુણ (ડિપ્લોમા પાસમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર)

લઘુતમ તેમજ અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાતો પૈકી ઉમેદવાર પાસે એક કરતા વધારે શૈક્ષણિક લાયકાત હોય તો દરેકમાં પોતાને ફાયદાકારક હોય તેવી કોઈપણ એક લાયકાત અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. જેમાં પાછળથી ફેરફારને કોઈ અવકાશ રહેશે નહીં. ઉમેદવાર એક કરતા વધારે ટ્રેડની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને દરેકમાં ઉમેદવારી કરવા માંગતા હોય તો તે અંગે અલગ અલગ અરજીપત્રકો ભરવાના રહેશે.

**કક્ષાનું નામ : આર્ટ-બી (બોડી ફીટર) ફીક્સ પગાર: પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/- કુલ જગ્યાઓ : ૩૮**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૧ | ૨ | ૪ | - | - | ૧ | ૨ | - | - | - | ૧૦ |
| અગાઉની ઘટ | - | ૪ | ૯ | ૧૩ | - | - | - | ૨ | - | - | ૨૮ |
| કુલ | ૧ | ૬ | ૧૩ | ૧૩ | - | ૧ | ૨ | ૨ | - | - | ૩૮ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મોટર વ્હીકલ બોડી બિલ્ડીંગ અથવા શીટર મેટલ વર્કર અથવા ઓટોમોબાઈલ બોડી રીપેરરનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.

વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીઝ અથવા પ્રોડક્શન અથવા મેકાટોનીક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-બી (ટાયર ફીટર) ફીક્સ પગાર: પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/- કુલ જગ્યાઓ : ૦૨**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| અગાઉની ઘટ | - | - | ૨ | - | - | - | - | - | - | - | ૦૨ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મિકેનીક મોટર વ્હીકલ અથવા મિકેનીક ડિઝલ અથવા જનરલ મિકેનીકનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.

વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડક્શન અથવા મેકાટોનીક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-બી (ટીનસ્મીથ/વેલ્ડર) ફીક્સ પગાર: પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/- કુલ જગ્યાઓ : ૦૨**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| અગાઉની ઘટ | - | - | - | ૦૨ | - | - | - | - | - | - | ૦૨ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો વેલ્ડર અથવા વેલ્ડર કમ ફેબ્રીકેટર અથવા વેલ્ડર (ગેસ અને ઈલેક્ટ્રીક) અથવા ફેબ્રીકેશનનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.

વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

ધ્યાનમાં લેવામાં આવશે.

♦ અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

♦ અનુ. જાતિ, અનુ. જનજાતિ તથા સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોને મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

♦ મહત્તમ વયમર્યાદામાં બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવારોને પાંચ વર્ષ, જ્યારે અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત) છુટછાટ આપવામાં આવશે.

♦ મહિલા માટેની અનામત જગ્યાઓ મુજબ મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહી થાય તો આ જગ્યાઓ ઉપર જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોને નિમણુંક આપી શકાશે.

♦ માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા બાદ તેવા માજી સૈનિકોને તેમણે બજાવેર ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉંમરમાંથી બાદ કરતા મળતી ઉંમર ભરતી નિયમોમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધુ હોવી જોઈએ નહીં, પરંતુ કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતા વધવી જોઈએ નહીં.

♦ માજી સૈનિકની અનામત જગ્યાઓ ઉપર પુરતા ઉમેદવારો મળશે નહીં તો તેટલી જગ્યાઓ જનરલ કેટેગરીના ઉમેદવારોને નિમણુંક આપી શકાશે.

♦ અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત તરીકે અરજી કરશે તો આવા ઉમેદવારોને અનામત નીતિ અંગેના કોઈ લાભ મળશે નહીં.

♦ જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર / સુધારો કરવાનો હક્ક નિગમને અબાધિત રહેશે.

♦ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી (જાતિ) બદલવા / ફેરફાર કરવા કોઈ રજુઆત કરશે તો ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

♦ ઉમેદવારે પોતાની લાયકાતના પ્રમાણપત્રો મુજબના પોતાના નામ અને અટકમાં ફેરફાર કરેલ હોય તો તે સુધારવા અંગેના સરકારી ગેઝેટની નકલ મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનીર રહેશે. જ્યારે મહિલા ઉમેદવારોએ અરજીપત્રકમાં પિતાના નામને બદલે પતિનું નામ દર્શાવેલ હશે તો તે અંગેની એફીડેવીટ અથવા મેરેજ સર્ટિફીકેટ મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે અન્યથા આવા અરજીપત્રકો અમાન્ય ઠેરવવામાં આવશે.

♦ સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેવા ધારાધોરણો)માં છુટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના રહેશે.

♦ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬/૨/૧૯૯૬ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ-ક મુજબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નોન ક્રિમીલીયર સર્ટિફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખે માન્ય હોય તેવું રજુ કરવાનું રહેશે. નોન ક્રિમીલીયર સર્ટિફીકેટનો નંબર અને તારીખ ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાનો રહેશે. અન્યથા આવા ઉમેદવારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

♦ ઉમેદવારે ઓનલાઈલ અરજીપત્રક જ ભરવાનું રહેશે અને તેની એક પ્રિન્ટ આઉટ મેળવીને પોતાની પાસે સાચવીને રાખવી. જ્યારે નિગમ દ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચુક લાવવાનું રહેશે.

♦ કોઈપણ અરજીપત્રકો ટપાલ કે રૂબરૂમાં નિગમની કચેરી અથવા NIC સંસ્થાને મોકલવાના રહેશે નહિ. આવા મોકલી આપેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે તેમજ તેની કોઈપણ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ.

♦ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં કોઈપણ વિગત અસલ પ્રમાણપત્રો કરતા ખોટી એટલે કે, બોગસ/જુદી/અલગ બતાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રખ કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર

➔

➔ **અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-બી (બ્લેક સ્મીથ) ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/- કુલ જગ્યાઓ : ૦૫**

| | પુરુષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| અગાઉની ઘટ | - | ૨ | ૨ | ૧ | - | - | - | - | - | - | ૦૫ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો વેલ્ડર અથવા વેલ્ડર કમ ફેબ્રીકેટર અથવા વેલ્ડર (ગેસ અને ઈલેક્ટ્રીક) અથવા ફેબ્રીકેશનનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ. વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-બી (વલ્કેનાઈઝર) ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/- કુલ જગ્યાઓ : ૦૩**

| | પુરુષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | ૦૩ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મિકેનીક મોટર વ્હીકલ અથવા મિકેનીક ડિઝલ અથવા જનરલ મિકેનીકનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ. વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-બી (બેન્ચ ફીટર) ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૮૦૦/- કુલ જગ્યાઓ : ૦૧**

| | પુરુષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૦૨ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો ફીટરનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.

વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-સી (મિકેનીક) ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૧૦૦/- કુલ જગ્યાઓ : ૧૦૯**

| | પુરુષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૫ | ૧૦ | ૧૮ | ૨૩ | ૨ | ૪ | ૯ | ૧૧ | ૯ | ૪ | ૯૫ |
| અગાઉની ઘટ | - | ૭ | ૨ | ૫ | - | - | - | - | - | - | ૧૪ |
| કુલ | ૫ | ૧૭ | ૨૦ | ૨૮ | ૨ | ૪ | ૯ | ૧૧ | ૯ | ૪ | ૧૦૯ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મિકેનીક મોટર વ્હીકલ અથવા મિકેનીક ડિઝલ અથવા જનરલ મિકેનીકનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.

વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-સી (બોડીફીટર) ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૧૦૦/- કુલ જગ્યાઓ : ૬૭**

| | પુરુષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૨ | ૫ | ૮ | ૧૪ | ૧ | ૨ | ૪ | ૭ | ૪ | ૧ | ૪૮ |
| અગાઉની ઘટ | ૧ | ૨ | ૪ | ૮ | - | - | ૧ | ૩ | - | - | ૧૯ |
| કુલ | ૩ | ૭ | ૧૨ | ૨૨ | ૧ | ૨ | ૫ | ૧૦ | ૪ | ૧ | ૬૭ |

પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

♦ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં કોઈપણ વિગત અસલ પ્રમાણપત્રો કરતા ખોટી એટલે કે બોગસ/જુદી/અલગ ભરેલ હશે અને તે વિગતો શરતચૂકથી ભરેલ હોવાનું જણાવી તે સુધારવા બાબતે પાછળથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરવામાં આવશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહી અને આવી રજુઆતો બાબતે કોઈ જ કાર્યવાહી કરવામાં આવશે નહીં. તેમજ આપોઆપ દફતરે કરવામાં આવશે.

♦ જો ઉમેદવારે આ કક્ષામાં એક થી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું છેલ્લે ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે જે અંગે ઉમેદવાર કોઈ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.

♦ ઉમેદવાર નિગમના નીતિ નિયમ મુજબ રાજ્ય સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર સી.આર.આર. ૧૦-૨૦૦૭-૧૨૦૩-ગ-૫, તા. ૧૩/૦૮/૨૦૦૮ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફીકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. ઉમેદવારે આવા પ્રમાણપત્રો/માર્કશીટ પસંદગી પૂર્વે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાના રહેશે અન્યથા તેમની પસંદગી રદ કરવામાં આવશે.

♦ શૈક્ષણિક લાયકાત, વધારાની શૈક્ષણિક લાયકાત વગેરે પાસ કર્યાના પ્રમાણપત્રો / માર્કશીટો અરજીપત્રક ભર્યા તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

♦ ઉમેદવારની શૈક્ષણિક લાયકાતના છેલ્લા વર્ષનું/ છેલ્લા સેમેસ્ટરનું પરિણામ આઈ.ટી.આઈ./પોલિટેકનિક/યુનિવર્સિટી દ્વારા તેમની માન્ય વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરેલ હોય અને તેને આધારે અરજીપત્રકમાં વિગતો ભરેલ હશે તો આવા ઉમેદવારે વેબસાઈટ ઉપરના પોતાના પરિણામની પ્રિન્ટ આઉટ મેળવીને પ્રમાણિત કરાવીને પોતાની પાસે રાખવી. જ્યારે નિગમ દ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચૂક લાવવાનું રહેશે.

♦ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં શૈક્ષણિક લાયકાતોમાં મેળવેલ ટકાવારી બે દશાંશ સુધી (દા.ત. ૫૦.૨૫ ટકા) દર્શાવવાની રહેશે. માર્કશીટમાં પર્સન્ટાઈલ કે ગ્રેડ દર્શાવેલ હોય તો તેને ટકાવારીમાં રૂપાંતરીત કરીને દર્શાવવાના રહેશે.

♦ ઓનલાઈન અરજીપત્રકમાં શૈક્ષણિક લાયકાતોના પર્સન્ટાઈલ કે ગ્રેડ દર્શાવેલ હશે તો તેવા અરજીપત્રકો અમાન્ય ઠેરવવામાં આવશે.

♦ જે શૈક્ષણિક લાયકાતોની માર્કશીટમાં પ્રેક્ટીકલ સહિતના વિષયોનો સમાવેશ કરવામાં આવેલ હોય તો તેના માર્ક સહિતની ટકાવારી ધ્યાને લેવામાં આવશે.

♦ ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતો સિવાયની અન્ય કોઈ પણ સમકક્ષ લાયકાતોને આધારે અરજીપત્રક ભરેલ હશે તો તે માન્ય ગણવામાં આવશે નહીં.

♦ આ કક્ષા માટે લેવામાં આવનાર લેખિત પરીક્ષાઓમાં ઉમેદવારની શૈક્ષણિક લાયકાત/વધારાની લાયકાતના વેઈટેજ મુજબના કુલ-૭૦ ગુણમાંથી મેળવેલ ગુણના મેરીટસ પ્રમાણે બોલાવવાપાત્ર હોય તેટલા જ ઉમેદવારોને બોલાવવામાં આવશે.

♦ આ કક્ષા માટે ૧૦૦ ગુણની O.M.R. પદ્ધતિથી હેતુલક્ષી લેખિત પરીક્ષા તેમજ ૫૦ ગુણની કોમ્પ્યુટર કાર્યક્ષમતી પરીક્ષા લેવામાં આવશે. લેખિત પરીક્ષા અને કોમ્પ્યુટર કાર્યક્ષમતાની પરીક્ષા એમ બંનેમાં મેળવેલ કુલ ગુણના ૩૦ ટકા પ્રમાણે વેઈટેજ ગુણ ગણવામાં આવશે.

♦ સીધી ભરતીની ભરવાપાત્ર જગ્યાઓ ઉપરાંત નિયમાનુસાર બનાવવામાં આવનાર પ્રતિક્ષાયાદી (વેઈટીંગ લીસ્ટ) પ્રસિદ્ધ થયા તારીખથી એક વર્ષ અથવા આ કક્ષાની ભરતી પ્રક્રિયા માટે હવે પછીની પહેલી જાહેરાત પ્રસિદ્ધ થાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય સુધી, એ બેમાંથી જે વહેલુ ➔

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

➔ **લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મોટર વ્હીકલ બોડી બિલ્ડીંગ અથવા શીટ મેટલ વર્કર અથવા ઓટોમોબાઈલ બોડી રીપેરરનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ. વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-સી (પેન્ટર)** **ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૧૦૦/-** **કુલ જગ્યાઓ : ૦૨**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | - | - | - | ૦૨ | - | - | - | - | - | - | ૦૨ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો પેન્ટર જનરલ અથવા ઓટોમોબાઈલ પેઈન્ટ રીપેરરનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ. વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-સી (ઈલેકટ્રીશીયન)** **ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૧૦૦/-** **કુલ જગ્યાઓ : ૧૨**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | ૧ | ૪ |
| અગાઉની ઘટ | - | ૩ | ૩ | ૨ | - | - | - | - | - | - | ૮ |
| કુલ | ૧ | ૪ | ૪ | ૨ | - | - | - | - | - | ૧ | ૧૨ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો ઈલેક્ટ્રીશીયન અથવા ઈલેક્ટ્રીશીયન પાવર પ્લાન્ટ અથવા ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનીક અથવા આર્મેચર મોટર રીવાઈન્ડીંગનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ. વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિ.નો ડિપ્લોમા ઈન ઈલેક્ટ્રીકલ અથવા પાવર ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : આર્ટ-સી (વલ્કેનાઈઝર)** **ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૧૦૦/-** **કુલ જગ્યાઓ : ૦૯**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૧ | - | - | ૨ | - | - | - | ૧ | - | - | ૪ |
| અગાઉની ઘટ | - | ૧ | ૨ | ૨ | - | - | - | - | - | - | ૫ |
| કુલ | ૧ | ૧ | ૨ | ૪ | - | - | - | ૧ | - | - | ૯ |

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મિકેનીક મોટર વ્હીકલ અથવા મિકેનીક ડીઝલ અથવા જનરલ મિકેનીકનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ. વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ (નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.)

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** માન્ય યુનિ./પોલિટેકનિકનો ડિપ્લોમા ઈન મિકેનીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈન્ડસ્ટ્રીયલ અથવા પ્રોડકશન અથવા મેકાટોનિક્સ એન્જિનિરીંગનો કોર્સ

**કક્ષાનું નામ : હેલ્પર** **ફીક્સ પગારઃ પાંચ વર્ષ માટે રૂા. ૭૧૦૦/-** **કુલ જગ્યાઓ : ૨૧૨**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૧૦ | ૨૧ | ૩૮ | ૫૬ | ૪ | ૧૦ | ૧૯ | ૨૭ | ૨૧ | ૬ | ૨૧૨ |

♦ **નોંધ :** ઉપરોક્ત જગ્યાઓ સીધી ભરતીની છે. આ ઉપરાંત સરકારશ્રીના તા. ૧૭-૫-૨૦૧૪ના ઠરાવ અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો માટે મંજુર થયેલ જગ્યાઓના ૩૩ ટકા જગ્યાઓ લેખે કુલ ૯૬ જગ્યાઓ અલગથી અનામત રાખવામાં આવેલ છે. આ જગ્યાઓ નિગમના નીતિ નિયમો મુજબ આ કક્ષાની નિયત લાયકાત ધરાવતા પડતર આશ્રિત ઉમેદવારોથી ભરવામાં આવશે. આ જગ્યાઓ નિયત કરેલ લાયકાત ધરાવતા આશ્રિત ઉમેદવારો મળવા પામશે નહિં તો તેટલી જગ્યાઓ અનામત/બિનઅનામત રેશીયો ધ્યાને લઈ યોગ્ય લાયકાત ધરાવતા સીધી ભરતીના ઉમેદવારોમાંથી ભરવા વિચારણા કરવામાં આવશે.

♦ **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત :**

**લઘુત્તમ લાયકાત :** સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મિકેનીક મોટર વ્હીકલ અથવા મિકેનીક ડીઝલ અથવા જનરલ મિકેનીક અથવા ફીટર અથવા ઈલેક્ટ્રીશીયન અથવા શીટ મેટલ વર્કર અથવા ઓટોમોબાઈલ્સ બોડી રીપેરર અથવા વેલ્ડર અથવા વેલ્ડર કમ ફેબ્રીકેટર અથવા મશીનીસ્ટ અથવા કારપેન્ટર અથવા પેઈન્ટર જનરલ અથવા ઓટોમોબાઈલ પેઈન્ટ રીપેરરનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.

**અગ્રતા માટેની વધારાની લાયકાત :** સરકારી/અર્ધસરકારી/જાહેર સાહસ (પબ્લિક અંડરટેકીંગ્સ) અથવા કોઈપણ લિમીટેડ કંપનીમાં ઉમેદવારે લઘુત્તમ શૈક્ષણિક લાયકાતાં દર્શાવેલ ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ પૂર્ણ કરી હોય અને તે પાસ કર્યા અંગેનું NCVT (નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીગનું પ્રમાણપત્ર માર્કશીટ.

હોય ત્યાં સુધી જ અમલમાં રહેશે. આ સમય મર્યાદા પુરી થતા પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે.

♦ **અન્ય સૂચનાઓ :**

♦ અરજીપત્રકમાં જણાવ્યા મુજબની વિગતોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન અસલ પ્રમાણપત્રો જેવા કે, વય, શૈક્ષણિક લાયકાતો, જાતિ કે અન્ય વગેરે બનાવટી / ખોટા / બોગસ જણાશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

♦ ઉમેદવારને કોઈપણ સક્ષમ કોર્ટ દ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તેમની સામે કોઈ પણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ/ફરીયાદ પડતર હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં. જો આવા ઉમેદવાર દ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

♦ ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તેની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. અન્યથા પાછળથી આવી માહિતી માલુમ પડશે તો ઉમેદવાર પસંદ થયેલ હશે તો પણ તેઓની પસંદગી રદ કરવામાં આવશે.

♦ અરજી કરનાર ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય. નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાંથી બરતરફ કે રૂખસદ થયેલ હોય તો તેની વિગત ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. જો ઉમેદવારે આવી વિગતો છુપાવેલ હશે અને પાછળથી સાથી વિગત જાણવા મશે તો તેઓ પસંદગી પામેલ હશે તો પણ તેમની પસંદગી રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

♦ ઓનલાઈન અરજીપત્રકમાં જો કોઈ ઉમેદવાર દ્વારા સાચી વિગતો છુપાવીને ખોટી માહિતી ભરવામાં આવશે તો તેવા ઉમેદવાર સામે પોલીસ ફરિયાદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

♦ નિગમ દ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે.

♦ આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણ આપવા બંધાયેલ નથી.

♦ **અરજી કરવાની રીત :**

♦ આ જાહેરાતના સંદર્ભમાં નિગમ દ્વારા ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે, તમો તા ૨૧/૪/૨૦૧૬ થી તા. ૨૦/૫/૨૦૧૬ સુધી (રાત્રીના ૧૧:૫૯ કલાક સુધી) http://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ (૧) સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવું હવે (૨) "Apply Online Click" કરવું. (૩) તમો જે કક્ષા માટેની અરજી કરવા માંગતા હશો તે કક્ષા પર Click કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. (૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Form ખુલશે. જેમાં સૌ પ્રથમ Personal Details તમોએ ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.) (૫) Personal Details ભરાયા બાદ Minimum Educational Details ભરવા માટે Educational Qualification પર Click કરવું. (૬) વધારાની લાયકાત દર્શાવવા માટે Additional Educational Qualification ઉપર Click કરીને તેની વિગતો ભરવી. જો તમે લઘુતમ/અગ્રતા માટેની વધુ લાયકાતો ધરાવતા હોય તો તમને ફાયદાકારક હોય તેવી દરેકમાં કોઈપણ એક જ લાયકાત અરજીપત્રકમાં દર્શાવવી. જેમાં પાછળથી કોઈ ફેરફારને અવકાશ રહેશે નહીં. (૭) જો તમો કોમ્પ્યુટરની જાણકારી ધરાવતા હોય તો yes select કરવું. (૮) ફોજદારી કોર્ટે ગુનેગાર ઠરાવેલ હોય તો તેની વિગતો દર્શાવવાની રહેશે. (૯) તેની નીચે self declaration પર Click કરો ત્યારબાદ (૧૦) ઉપરની શરતો સ્વીકારવા માટે Yes પર Click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે. (૧૧) હવે save પર Click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. (૧૨) અરજી કર્યા બાદ તમારો Application Number Generate થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. (૧૩) હવે upload photograph પર Click કરો. અહીં તમારો

*(અનુસંધાન પાન નં. ૭ ઉપર)*

## અન્ય જાહેરખબર

- **એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા**
  **જગ્યાનું નામ** : મેનેજર (સિવિલ એન્જિ., ઇલે.એન્જિ., ઓપરેશન્સ, કોમર્શિયલ), જુનિયર એક્ઝિક્યુટીવ(ફિનાન્સ)
  **જગ્યાની સંખ્યા** : ૧૫૮
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૨૪-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : www.aai.aero
- **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : ટેકનિકલ ઓફિસર, આસિ.એન્થ્રોપોલોજીસ્ટ, લેડી મેડિકલ ઓફિસર,સિનિ.સાયન્ટિફિક ઓફિસર (ટેક્સીકોલોજી)
  **જગ્યાની સંખ્યા** : ૬
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૧૨-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : http://www.upsconline.nic.in
- **સહા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂકલિયર ફિઝિક્સ : કોલકતા**
  **જગ્યાનું નામ** : ટેકનિશીયન-બી, સી, એન્જિનિયર-ડી, સાયન્ટિફિક આસિ,-બી, ડી, એલ.ડી.સી.
  **જગ્યાની સંખ્યા** : ૯
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૩-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : www.saha.ac.in
- **ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ : હૈદરાબાદ**
  **જગ્યાનું નામ** : સાયન્ટિફિક ઓફિસર,એન્જિનિયર(ઇલે), એડમિનિસ્ટ્રેટિવ આસિસ્ટન્ટ, ક્લાર્ક, ટ્રેડસમેન
  **જગ્યાની સંખ્યા** : ૦૫
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૧૪-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : www.tifrh.res.in
- **ન્યુકલિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.**
  **જગ્યાનું નામ** : એક્ઝિક્યુટિવ ટ્રેઇનીઝ(મિકે.,ઇલે., ઇલેક્ટ્રોનિક્સ, કેમિકલ,ઇન્સ્ટ્રુમેન્ટેશન,ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ફાયર સેફ્ટી)
  **જગ્યાની સંખ્યા** : ૧૮૩
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૧૫-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : www.npcilonline.co.in
- **ઇન્ડિયન ઓઇલ**
  **જગ્યાનું નામ** : કોર્પોરેટ કોમ્યુનિકેશન ઓફિસર (યુ.જી.સી. નેટ આધારીત)
  **જગ્યાની સંખ્યા** : ૧૭
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૧૦-૭-૨૦૧૬
  **વેબ સાઇટ** : www.iocl.com
- **ભારતીય હવાઇ દળ**
  **જગ્યાનું નામ** : સુપ્રિ.(સ્ટોર્સ), એમ.ટી.એસ., કૂક, સફાઇવાળા
  **જગ્યાની સંખ્યા** : ૧૩
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૩-૪-૨૦૧૬થી ૩૦ દિવસ
- **સેન્ટ્રલ ઓર્ડેનન્સ ડિપોટ : કાનપુર**
  **જગ્યાનું નામ** : લોઅર ડિવિઝન ક્લાર્ક, મટીરીયલ આસિ., ફાર્માસિસ્ટ, ટેલિ.ઓપરેટર, ફાયરમેન, સિવિલિયન મોટર ડ્રાઇવર, વાળંદ, રસોઇયા, ધોબી, ટ્રેડસમેન મેટ
  **જગ્યાની સંખ્યા** : ૨૭૦
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૩-૪-૨૦૧૬થી ૨૧ દિવસ
- **પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.: નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : એક્ઝિક્યુટિવ ટ્રેઇની(એચઆર,એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટ),આસિ.,ઓફિસરટ્રેઇની(પબ્લિક રિલેશન) યુ.જી.સી.નેટ આધારીત
  **જગ્યાની સંખ્યા** : ૨૬
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૧૨-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : www.powergridindia.com,http://cbsenet.nic.in
- **કેબિનેટ સેક્રેટરીએટ : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : સિનિયર રિસર્ચ ઓફિસર(ક્રીપ્ટો, એસ એન્ડ ટી), સિનિ.ફિલ્ડ ઓફિસર GATE સ્કોર આધારીત
  **જગ્યાની સંખ્યા** : ૨૦
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૩-૪-૨૦૧૬થી ૪૫ દિવસ
- **ભારતીય હવાઇ દળ(હે.કવા.સેન્ટ્રલ એર કમાન્ડ)**
  **જગ્યાનું નામ** : લોઅર ડિવિઝન ક્લાર્ક, એમ.ટી.એસ., સફાઇવાળા, હિન્દી ટાઇપિસ્ટ, રસોઇયા, મેસ સ્ટાફ
  **જગ્યાની સંખ્યા** : ૪૫
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૮-૫-૨૦૧૬

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૧૬-૪-૨૦૧૬)**

# નર્સિંગના વ્યવસાયમાં કારકિર્દી

નર્સિંગના વ્યવસાયથી આપણે બહુ સારી રીતે પરિચીત છીએ. દર્દીઓને સેવા સુશ્રુષાના આ વ્યવસાયને ખૂબ જ ઉમદા કાર્ય પણ માનવમાં આવે છે. ફ્લોરેન્સ નાઇટીંગલ અને મધર ટેરેસા જેવી વિશ્વની મહાન હસ્તીઓ નર્સિંગના વ્યવસાયમાં હતી. નર્સિંગ એ એક એવી કલા છે. જેમાં વિજ્ઞાનની મદદથી બિમાર લોકોની સાર સંભાળ લેવાના કૌશલ્યની જરૂર પડે છે. મેડિકલ વ્યવસાયમાં નર્સિંગએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દેશના આરોગ્ય ક્ષેત્રમાં સૌથી વધુ કર્મચારીઓના નર્સિંગ અથવા નર્સિંગ સહાયકની કામગીરી સાથે સંકળાયેલા હોય છે.

નર્સિંગના વ્યવસાય માટેની પદ્ધતિસરની તાલીમનો પ્રારંભ ૧૯મી સદીના પૂર્વાધર્મા જર્મનીમાં થયો હતો. જેનો બાદમાં ફ્લોરેન્સ નાઇટીંગલના અથાક પ્રયાસોથી ઇંગ્લેન્ડમાં વિકાસ થયો હતો. ક્રાઇમીન યુદ્ધ દરમિયાન આ મહિલાઓ લશ્કરી – હોસ્પિટલોમાં દર્દીઓની સારવાર માટે માનકો અને ધોરણો નિર્ધારીત કર્યા હતા.

ભારતમાં ત્રીજી સદીમાં ઇસવીસન પૂર્વ સમ્રાટ અશોક હોસ્પિટલો માટે સારવાર અને સેવાના કેટલાંક ઉચ્ચ ધોરણો પ્રસ્થાપિત કર્યા હતા. એ સમયે માત્ર પુરુષ નર્સને જ મંજૂરી અપાતી હતી, કેમ કે, મહિલાઓને આ કાર્ય માટે નબળી અને અપવિત્ર માનવામાં આવતી હતી. પુરુષ નર્સોને દર્દીઓની સંભાળ, રસોઇ અને સ્નાન કરાવવા સહિતના કાર્ય માટે તાલીમ અપાતી હતી. તેમાં મસાજ કરવો, શારીરિક સારવાર અને પથારી કરવાનો પણ સમાવેશ થાય છે.

પરંતુ હવે નર્સિંગનું ક્ષેત્ર મહિલાઓ માટે પણ ખૂલ્યું છે અને વ્યવસાયમાં આજે સૌથી વધુ સંસ્થા મહિલાઓની છે. જે બહુ થોડી જગ્યાએ પુરુષ નર્સો રાખવામાં આવે છે. તેમાં આઇસીયુનો સમાવેશ થાય છે, જ્યાં દર્દી સાથે ભાગ્યે જ વાતચીત કરવાની હોય છે.

**નર્સિંગનો વ્યવસાય શા માટે ?**

તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલા એક અહેવાલ અનુસાર ભારતમાં પાંચ લાખ નર્સોની જરૂરિયાત છે, જે પૂર્ણ કરવા માટે ૨૬૭ જેટલી નવી નર્સિંગ કોલેજો શરૂ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત દેશમાં એક લાખથી વધુ એ.એન.એમ. એટલે કે ઓક્ઝીલરી નર્સ મીડવાઇફ અને અને ચાર લાખ જી.એન.એમ. એટલે કે જનરલ નર્સ મીડ વાઇફની તંગી છે. દેશમાં આરોગ્ય ક્ષેત્રમાં ઝડપી વિકાસને પગલે આ ક્ષેત્રમાં ઝડપી વિકાસને પગલે આ ક્ષેત્રમાં આરોગ્ય સંભાળ માટેના વ્યવસાયિકોની નિયમીતરૂપે જરૂરિયાત ઉભી થતી રહેશે. જેમાં સૌથી વધુ સંસ્થા નર્સોની હશે

**નર્સિંગ શું છે ?**

નર્સના વ્યવસાયમાં અનેક ફરજો અને જવાબદારીઓનો સમાવેશ થાય છે. નર્સિંગ અનેક પ્રકારના કાર્યોનો સમાવેશ થાય છે. જેમાં તેનું કામ, જવાબદારી, કામનું સ્થળ, તેમની લાયકાત વગેરે મુજબ તેમાં ફેરફાર થતા રહે છે. આમ અલગ પ્રકારનો ધ્યેય અને ક્ષમતા ધરાવતા લોકો નર્સિંગને પોતાનો વ્યવસાય બનાવી શકે છે.

નર્સોએ નર્સિંગ વિભાગમાં અને ફીઝીશીયન સાથે સંકલનમાં રહીને અલગ – અલગ લોકોને સુપર વિઝનમાં કાર્ય કરવાનું હોય છે. દેશમાં તમામ નર્સોની બે તૃતિયાંશ સંખ્યાની નર્સો – હોસ્પિટલમાં કાર્ય કરે છે. જ્યારે તેમને જનરલ વોર્ડ, ઓપરેશન રૂમ કે મેટરનીટી રૂમમાં પણ ફરજ સોંપવામાં આવે છે. તેમને બિમાર બાળકોની સારવાર પણ કરવાની હોય છે. એ જ રીતે આઇ.સી.યુ. ઇમરજન્સી વોર્ડ કે પછી આઉટડોર પેશન્ટની પણ સારવાર માટે પણ ફરજ સોંપવામાં આવે છે. નર્સના વ્યવસાયમાં હોસ્પિટલમાં ફીઝીશીયનના કન્સલ્ટીંગ રૂમમાં, ખાનગી ઘરોમાં, શાળાઓમાં કે પછી ઔદ્યોગિક એકમોમાં પણ તેમણે ફરજ બજાવવાની હોય છે.

જનરલ ડ્યૂટી નર્સના કામકાજમાં આરોગ્ય સંભાળની ટીમના અન્ય સભ્યો સાથે તાલમેલ રાખીને દર્દીની સારવાર કરવાની હોય છે અને તેની સારસંભાળની યોજનાનો અમલ કરવાનો હોય છે. તેમની ફરજમાં અનેક કાર્યોનો સમાવેશ થાય છે. જેમાં દર્દીનું ટેમ્પરેચર લેવું, ધબકારા માપવા, બ્લડપ્રેશર માપવું, દવાઓ અને ઇન્જેકશન આપવા, દર્દી ઉપર દવાની અસરના લક્ષણો તપાસવા, દર્દીના કપડા બદલવા, દર્દીને અંગત સારસંભાળમાં મદદ કરવી, દર્દીને ઓપરેશનમાં મદદ કરવી વગેરે ઉપરાંત દર્દીને જરૂરિયાત પ્રમાણે અને સમજણ પ્રમાણે ઘણા કાર્યો કરવાના હોય છે.સર્જિકલ નર્સને ઓપરેશન થિયેટરમાં કાર્ય કરવાનું હોય છે. તેમાં સ્ટરીલાઇઝેશનના સાધનો તૈયાર કરવાના હોય છે. ખાનગી ક્ષેત્રની નર્સને દર્દીના પરિવાર દ્વારા નોકરી આપવામાં આવે છે. આ પ્રકારની નર્સને એક જ દર્દીની વ્યક્તિગત સંભાળ લેવાની હોય છે અને દર્દીના ફીઝીશીયનના માર્ગદર્શનમાં કામ કરવાનું હોય છે.

મીડ વાઇફરીનો વ્યવસાય એ નર્સિંગમાં ખૂબ જ કૌશલ્ય માગી લેતો વ્યવસાય છે. તેમાં પ્રેક્ટીકલ હાઇટેક કૌશલ્યની સાથે માર્ગદર્શન અને સલાહ – સૂચન કરવાની પણ જવાબદારી અદા કરવાની હોય છે. મીડ વાઇફ નર્સ મહિલાને ગર્ભ રહે ત્યારથી લઇને બાળકનો જન્મ થાય તેના પછીના કેટલાંક અઠવાડિયા સુધી પોતાની ફરજો બજાવવાની હોય છે. તેમણે જન્મ પહેલા અને જન્મ પછીની એમ તમામ પ્રકારની સારવારમાં મદદ કરવાની હોય છે.

**દર્દીઓ સાથે લગાવ :** નર્સિંગના વ્યવસાયમાં આ એક ખૂબ જ ઉમદા ગુણ છે. નર્સને દર્દી સાથે સૌથી વધુ સમય પસાર કરવાનો હયો છે. આમ ગંભીર બિમારીનો સામનો કરતાં દર્દીને મદદ અને માનસિક શક્તિ આપવાનું કાર્ય પણ નર્સે કરવાનું હોય છે. દવા અને સારવારની સાથે તેણે પ્રેમ અને ક્યારેક કડકાઇ દર્શાવીને પણ દર્દીના હિતમાં કાર્ય કરવાનું હોય છે.

**તાલીમ :** નર્સિંગના વ્યવસાયના અભ્યાસમાં થીયરી અને પ્રેક્ટિકલ એમ બંને પ્રકારના શિક્ષણનું મિશ્રણ કરવામાં આવ્યું છે. જુદી – જુદી જગ્યાએ નર્સની તાલીમમાં શૈક્ષણિક ગુણવત્તા પણ જુદી – જુદી હોય છે.

**ધોરણ-૧૦ પછી :** ઓક્ઝીલરી નર્સ મીડવાઇફ, મલ્ટી પરપઝ હેલ્થ વર્કસનો કોર્સ ૧૮ મહિનાનો હોય છે. દેશની તમામ હોસ્પિટલોમાં આ કોર્સ ચાલે છે. જેમાં ૧૦માં ધોરણના માર્કસના આધારે પ્રવેશ મળે છે.

**ધોરણ-૧૨ પછી :** જનરલ નર્સિંગમાં ત્રણ વર્ષનો ડિપ્લોમાં કોર્સ થાય છે. ધોરણ-૧૨ કે તેની સમકક્ષ-અભ્યાસ કરનાર આ કોર્સ માટે પાત્ર હોય છે. મોટાભાગની નર્સિંગ કોલેજ કે મેડિકલ હોસ્પિટલો – વિજ્ઞાનના વિષયો સાથે ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરનારને અગ્રતા આપે છે. જો કે, કેટલીક કોલેજો કે તાલીમ સંસ્થાઓમાં વિજ્ઞાન સિવાયના વિષયમાં ૧૨ ધોરણ પાસ કરનારને પણ પ્રવેશ અપાય છે. જો કે, સામાન્ય રીતે વિદ્યાર્થી – ફિઝીક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજીનો અભ્યાસ કર્યો હોય તો ખૂબ જરૂરી છે. કેટલાંક રાજ્યોમાં ગુણવત્તાના આધારે પ્રવેશ હોય છે. જ્યારે અન્ય કેટલાંક સ્થળે - પ્રવેશ પરીક્ષાથી પ્રવેશ આપવામાં આવે છે.

૪ વર્ષનો બીએસસી નર્સિંગનો કોર્સ પણ ધોરણ-૧૨ પછી થાય છે. તેમાં વિજ્ઞાનના વિષયો જરૂરી છે અને પ્રવેશ-પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવે છે.

**બે વર્ષનો બી.એસ.સી. નર્સિંગ પોસ્ટ બેઝિક સર્ટિફિકેટ કોર્સ :-** આ કોર્સ પણ વિજ્ઞાન સાથે ધોરણ-૧૨ પાસ કરનાર માટે માન્ય છે. તેમાં ત્રણથી પાંચ વર્ષનો અનુભવ પણ માગવામાં આવે છે અથવા જનરલ નર્સિંગ, મીડવાઇફ ટ્રેનિંગ પછી પણ કરી શકાય છે.

**ઉચ્ચ અભ્યાસ :** જે લોકોને નર્સિંગના વ્યવસાયમાં વધુ ઉચ્ચ અભ્યાસ કરવો હોય અથવા શિક્ષણ કાર્યમાં જવું હોય તેમના માટે કેટલાક કોલેજોમાં બે વર્ષનો માસ્ટર્સ ડિગ્રી ઇન નર્સિંગનો વ્યવસાય ઉપલબ્ધ છે.

**સ્પેશિયલાઇઝેશ :** નર્સિંગના વ્યવસાયમાં ખાસ પ્રકારના માસ્ટર્સ ડિગ્રીના કોર્સ અથવા પોસ્ટ ડિપ્લોમાં કોર્સ પમ ઉપલબ્ધ છે. જેમાં સર્જિકલ નર્સિંગ, પીડીયાટ્રીક્સ, સાઇકીયાટ્રીક, ગાયનેકોલોજીક્લ, કોમ્યુનિટી હેલ્થ અને રીહેબીલીટેશન ટેકનીકનો સમાવેશ થાય છે.

**તાલીમ સંસ્થાઓ :** દેશમાં નીચેની સંસ્થાઓમાં નર્સિંગના કોર્સ માટે તાલીમ આપે છે. ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ, કોલેજ ફો નર્સિંગ-નવી દિલ્હી, રાજકુમારી અમ્રિત કોર કોલેજ ઓફ નર્સિંગ-નવી દિલ્હી, ક્રિશ્ચીયન મેડિકલ કોલેજ, લુધિયાણા, પી.જી.આઇ. ચંદીગઢ, એસ.એમ. એસ. મેડિકલ કોલેજ જયપુર, જામીયા હમદર્દ, ફેકલ્ટી ઓફ નર્સિંગ-નવી દિલ્હી, એ.એફ.એમ.સી. કોલેજ ઓફ નર્સિંગ વગેરે સામેલ છે.

**કારકિર્દીની તકો અને પગાર ધોરણ :** મેડિકલ વ્યવસાયના વિકાસતા જતાં ક્ષેત્રની સાથે તેમાં નર્સિંગ વ્યવસાયની માંગમાં પણ વધારો થઇ રહ્યો છે. નર્સિંગની માંગ સમગ્ર વિશ્વમાં રહેલી છે. પશ્ચિમના દેશોમાં નર્સના વ્યવસાયને ખૂબ જ સન્માન અને આદરભાવથી જોવામાં આવે છે અને શ્રેષ્ઠ વળતર આપવામાં આવે છે. ભારતમાં સરકારી ક્ષેત્રમાં નર્સના પગાર ધોરણો સારા છે. ખાનગી ક્ષેત્રમાં કલાકના ધોરણે વળતર ચૂકવાય છે.

(સૌજન્ય : એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ) સંકલન : આરતી પંડ્યા

## આર્મી એજ્યુકેશન કોર્પ્સ

# ગ્રુપ 'એક્સ' અને 'વાય'માં હેવીલદાર એજ્યુકેશન માટેની ભરતી

**આર્મી એજ્યુકેશન કોર્પ્સમાં જવાનોને શિક્ષણ આપવા માટેના ગ્રુપ-એક્સ અને વાયમાં હેવીલદાર એજ્યુકેશન માટે લાયકાત ધરાવતા યુવાનો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.**

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૧૫-૫-૨૦૧૫** | **જગાની સંખ્યા : ૬૩૫**

❑ **કુલ જગાની સંખ્યા : ૬૩૫**

(૧) વિજ્ઞાન પ્રવાહ : ૩૯૭ (૨) વિનયન પ્રવાહ : ૨૩૮

❑ **વય મર્યાદા :** ભરતી મેળાના પ્રથમ દિવસે ૨૦ થી ૨૫ વર્ષ

❑ **શૈક્ષણિક લાયકાત :** ઉમેદવાર હિન્દી અથવા અંગ્રેજી ભાષાનું વ્યવહારૂ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. નીચે દર્શાવેલ વિષયો પૈકી કોઈ એકમાં સ્નાતક / અનુસ્નાતક થયેલા હોવા જોઈએ.

**(અ) વિજ્ઞાન શાખા :** એમ.એસ.સી./બી.એસ.સી./ એમ.સી.એ./ બી.સી.એ./બી.ટેક./એમ.ટેક./બી.એસ.સી. (આઈ.ટી.) મેથ્સ, ફિઝીક્સ, કેમિસ્ટ્રી, બોટની, ઝૂલોજી, બાયોલોજી, ઈલેક્ટ્રોનિક્સ અથવા કોમ્પ્યુટર સાયન્સ વિષય સાથે.

**(બ) આર્ટસ શાખા :** અંગ્રેજી સાહિત્ય, હિન્દી સાહિત્ય, ઉર્દૂ સાહિત્ય, હિસ્ટરી, જીઓગ્રાફી, પોલીટીકલ સાયન્સ, ઈકોનોમિક્સ, સાયકોલોજી, મેથ્સ. અથવા સોશિયોલોજી પૈકી કોઈપણ એક વિષય સાથે એમ.એ. / બી.એ.

❑ **શારીરિક યોગ્યતા :** સૈન્ય માટે લાગુ પડતા ધોરણો અનુસાર.

❑ **પગાર અને ભથ્થાં :**

**(અ)ગ્રુપ એક્સ :** તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ઉમેદવારને પે બેન્ડ-૧માં રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦નું પગાર ધોરણ આપવામાં આવશે. તદ્ઉપરાંત, રૂા. ૨૮૦૦ ગ્રેડ પે વત્તા રૂા. ૨૦૦૦ મીલીટરી સર્વિસ પે વત્તા એક્સ ગ્રુપ પે તરીકે પ્રતિ માસ રૂા. ૧૪૦૦ મળશે.

**(બ) ગ્રુપ વાય :** તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ઉમેદવારને પે બેન્ડ-૧માં રૂા. ૫૨૦૦-૨૦૨૦૦નું પગાર ધોરણ ઉપરાંત રૂા. ૨૮૦૦ ગ્રેડ પે, રૂા. ૨૦૦૦ મીલીટરી સર્વિસ પે મળવાપાત્ર છે.

❑ **નોંધણીનું ધારાધોરણ :**

➤ ઉમેદવારની કલર સર્વિસ સાથે ૨૪ વર્ષની અને બે વર્ષની રિઝર્વ અથવા તો તે ૪૯ વર્ષની વય ધરાવતો થાય તે બેમાંથી જે વહેલું હોય તેટલી મુદતની નોંધણી કરવામાં આવશે.

❑ **નિમણૂકની માટેની પધ્ધતિ :**

➤ **સ્ક્રીનીંગ :** રિક્રૂટિંગ ઓફિસના કાર્યક્રમ મુજબ ઉમેદવારોનું સ્ક્રીનિંગ કરવામાં આવશે.

➤ શારીરિક ક્ષમતા કસોટી નીચે જણાવ્યા પ્રમાણે રહેશે. (૧) વધુમાં વધુ ૬.૨૦ મિનિટમાં એક માઈલની દોડ (૨) પુલ-અપ (બીમ) ૬ (૩) બેલેન્સ ક્વોલીફાય (૪) ૯ ફૂટ ખાડો. ક્વોલીફાય.

❑ **તબીબી ધોરણ :** ઉમેદવાર તંદુરસ્ત શરીર અને માનસિક આરોગ્ય ધરાવતા હોવા જોઈએ. છાતી સુવિકસિત અને ઓછામાં ઓછી ૫ સે.મી. ફૂલી શકે તેવી હોવી જોઈએ, દરેક કાનની સામાન્ય શ્રવણશક્તિ હોવી જોઈએ, દાંત અને પેઢાંની કુદરતી સંખ્યા હોવી જોઈએ એટલે કે ૧૪ ડેન્ટલ પોઈન્ટ ધરાવતા હોવા જોઈએ, હાડકાંની વિકલાંગતા, હાઈડ્રોસીલ, વેરીકોઝ વેઈન્સ અથવા પાઈલ જેવા રોગો ન હોવા જોઈએ, સ્પેશ્યલ આર્મી ઓર્ડર ૬/એસ/૨૦૦૫/આરટીજી, તા. ૨-૮-૨૦૦૫ની શરતો મુજબ શેપ-૧ તબીબી કક્ષામાં આવતા હોવા જોઈએ.

❑ **લેખિત પરીક્ષા :**

➤ સ્ક્રીનિંગ માટે પસંદગી પામેલા તેમજ તબીબી રીતે સક્ષમ ઉમેદવારોને જ **તા. ૩૧-૦૭-૨૦૧૬**ના રોજ હેડક્વાર્ટર રિક્રૂટિંગ ઝોન/ આઈઆરઓ દિલ્હી કેન્ટોનમેન્ટ ખાતે આયોજીત લેખિત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. લેખિત પરીક્ષામાં બે કલાકની સમયમર્યાદામાં પ્રશ્નપત્રના જવાબો આપવાના રહેશે.

**ભાગ ૧ :** દરેક ઉમેદવાર માટે ફરજિયાત. તેમાં બે વિભાગ રહેશે. વિભાગ-૧ સામાન્ય અંગ્રેજી તથા વિભાગ-૨ સામાન્ય જ્ઞાનને લગતો હશે. પ્રશ્નોનું સ્તર ધોરણ-૧૨ના અભ્યાસક્રમ પ્રમાણે રહેશે.

**ભાગ ૨ : વિજ્ઞાનપ્રવાહ :** એમ. એસસી./બી. એસસી./ એમ.સી.એ/બી.સી.એ. ઉમેદવારો માટે ફરજિયાત. આ ભાગના બીજા પાંચ પેટા ભાગ હશે. જેમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથેમેટિક્સ અને કોમ્પ્યુટર સાયન્સના વિષયો સમાવવામાં આવ્યા છે.

**ભાગ ૩ : વિનયનપ્રવાહ :** એમ.એ./બી.એ. ઉમેદવારો માટે ફરજિયાત. આ ભાગના વધુ ચાર પેટા ભાગ રહેશે જેમાં ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર અને પોલિટિકલ સાયન્સના વિષયોને આવરી લેવામાં આવશે.

ઉમેદવારે ભાગ-૧ અને ૨માં અલગથી પાસ થવાનું રહેશે.

❑ **ટીચિંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ/ઈન્ટરવ્યૂ :**

➤ લેખિત પરીક્ષામાં સફળ નિવડેલા તેમજ ગુણવત્તા યાદીમાં નામ ધરાવનાર ઉમેદવારો ટીચિંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ અને ઈન્ટરવ્યૂમાં ભાગ લઈ શકશે. ટીએટી અને ઈન્ટરવ્યૂ **એઈસી ટ્રેનિંગ કોલેજ એન્ડ સેન્ટર, પંચમઢી (મધ્યપ્રદેશ)** ખાતે યોજાશે.

ટેસ્ટ અને ઈન્ટરવ્યૂમાં સફળ થયેલા ઉમેદવારોની તૈયાર થયેલી ગુણવત્તા યાદી પ્રમાણે તેમની નિમણૂક આર્મી એજ્યુકેશનલ કોર્પ્સમાં કરવામાં આવશે.

❑ **વાહન ભથ્થું :**

➤ ઉમેદવારે જે રિક્રૂટિંગ ઓફિસેથી પરીક્ષા આપી હોય ત્યાંથી પીપરીયા (મધ્યપ્રદેશ) સુધીના રેલવે પ્રવાસ માટે મફત રેલવે વોરન્ટસ તથા રસ્તા માર્ગે પીપરીયાથી પંચમઢી સુધીનું પણ વોરન્ટ આપવામાં આવશે. અંતિમ નિમણૂક માટે નાપસંદ થયેલા ઉમેદવારોને તેમના વતનના સ્થળે અથવા તો રિક્રૂટિંગ ઓફિસ બંનેમાંથી જે નજીક હોય ત્યાં સુધીના રેલવે પ્રવાસ માટે રિટર્ન રેલવે વોરંટ એઈસી ટ્રેઈનિંગ કોલેજ એન્ડ સેન્ટર, પંચમઢી (મધ્યપ્રદેશ) ના કમાન્ડન્ટ દ્વારા આપવામાં આવશે.

➤ પંચમઢી ખાતે ટીચિંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ અને ઈન્ટરવ્યૂ માટે જેટલો સમય રોકાણ કરવું પડે તેટલા સમય માટે ઉમેદવારને રહેવા-જમવાની સુવિધા નિઃશૂલ્ક પૂરી પાડવામાં આવશે.

➤ ટી.એ./ડી.એ. ચૂકવવામાં આવશે નહિ.

➤ પસંદ થયેલા ઉમેદવારે અંદાજે એક વર્ષની મિલિટ્રી અને ટેકનિકલ તાલિમ એઈસી ટ્રેઈનિંગ કોલેજ એન્ડ સેન્ટર, પંચમઢી (મધ્યપ્રદેશ) ખાતે લેવાની રહેશે.

❑ **અરજી કેવી રીતે કરશો ? :**

➤ ઉમેદવારોએઆર્મીની વેબસાઈટ **www.joinindianarmy.nic.in** ઉપર તા.૧૫-૫-૨૦૧૬ સુધીમાં ઓન લાઈન અરજી કરવાની છે.

❑ **સ્ક્રીનીંગ માટે બોલાવવામાં આવે ત્યારે ઉમેદવારે નીચે પ્રમાણેના દસ્તાવેજો રજૂ કરવા.**

➤ ગામના સરપંચ અથવા વોર્ડના મ્યુનિસિપલ કમિશનર દ્વારા આપવામાં આવેલ જાતિ અને ચારિત્ર્યનું પ્રમાણપત્ર.

➤ રાજ્ય સરકારના સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત રહેઠાણનો પુરાવો.

➤ શૈક્ષણિક લાયકાત માટેના પ્રમાણપત્રો અને માર્કશીટની અસલ નકલ.

➤ જો દાવો કરવામાં આવ્યો હોય તો એન.સી.સી.ના અસલ પ્રમાણપત્રો.

➤ જો દાવો કરવામાં આવ્યો હોય તો સર્વિસમેન/એક્સ સર્વિસમેનના પુત્ર હોવાના અસલ પ્રમાણપત્ર.

❑ **સામાન્ય સૂચનાઓ :**

➤ ઓન લાઈન અરજી કરવા માત્રથી ઉમેદવાર નિમણૂક મેળવવા માટે લાયક નથી ગણી શકાતો.ઉમેદવાર જરૂરી યોગ્યતા ધરાવતા હોવા જરૂરી છે.

➤ ઉમેદવારોનું રજિસ્ટ્રેશન ત્યારબાદની તારવણીને આધારીત છે.જેમાં ઉમેદવારો અયોગ્ય માલૂમ પડશે તો ઉમેદવારી આપોઆપ રદ થઈ જશે.

➤ ઓન લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ બાદ ઉમેદવારોએ તેની એડમિટ કાર્ડની પ્રિન્ટ આઉટ કાઢી લેવાની રહેશે.તેમાં તાજેતરમાં પડાવેલો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવો.

➤ ભરતી પ્રકિયામાં ભાગ લેવા માટે એડમિટ કાર્ડ સાથે લાવવું જરૂરી છે તે સિવાય ભરતી પ્રકિયામાં ભાગ લઇ શકાશે નહીં.

➤ જો ઉમેદવાર કોઈ સંસ્થામાં નોકરી કરતા હોય તો અને ઈન્ટરવ્યૂ માટે તેમની પસંદગી કરવામાં આવે તો તેઓએ "નો ઓબ્જેકશન સર્ટિફિકેટ" ઝોનલ રિક્રૂટીંગ ઓફિસ ખાતે, એ.ઈ.સી. ટ્રેનીંગ કોલેજ એન્ડ સેન્ટર, પંચમઢી ખાતે ટીચીંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ, ઈન્ટરવ્યૂ માટે મોકલતાં પહેલાં રજુ કરવાનું રહેશે.

***નોંધ : ઉપર દર્શાવેલ તમામ શરતોમાં ભારત સરકારની વખતોવખતની સૂચનાઓ પ્રમાણે ફેરફાર થઈ શકે છે. માન્ય યુનિવર્સિટીની ખરાઈ કરવા માટે નજીકના બીઆરઓ/ ઝેડઆરઓ/આઈઆરઓની મુલાકાત લેવી.***

➤ **માત્ર પુરૂષ ઉમેદવારોએ જ અરજી કરવી.**

➤ જે ઉમેદવાર હાથના કાંડા સિવાયના શરીરના કોઇપણ ભાગ ઉપર કાયમી ટેટુ (છુંદણું) ચિતરાવેલું હશે તો તે નિમણૂક માટે લાયક ગણાશે નહીં.

❑ **Postal Address of Headquarters Recruitment Zone :**

**HQ. Rtg Zone, 3, Rajender Singhji Road, Pune-410001**

**(For Maharashtra Goa, Gujarat and UT of Daman)**

# ગુજરાત જાહેર સેવા આયોગ

નીચે દર્શાવેલ જગ્યાઓ માટે આયોગ દ્વારા તા. ૦૧/૦૫/૨૦૧૬ (૧૩:૦૦ કલાક) થી તા. ૧૬/૦૫/૨૦૧૬ (૧૩:૦૦ કલાક) સુધી નીચે દર્શાવેલ જગ્યાઓ માટે Online અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓ માટેની જાહેરાતની મુખ્ય અને અગત્યની વિગતો નીચે દર્શાવવામાં આવી છે. જયારે બાકીની વિગતો જેવી કે ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીતે વિગેરે, આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે Online અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ઉંમર ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ |
| | | | બિન અનામત | સા.શૈ. પ.વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ. પ.વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | |
| ૦૩ | વહીવટી અધિકારી (મત્સ્યોદ્યોગ સેવા), સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૪ | તબીબી અધિકારી, ગુજરાત આરોગ્ય સેવા, વર્ગ-૨ | ૧૫૪૧ | ૭૮૬ | ૪૧૬ | ૧૦૮ | ૨૩૧ | ૨૫૯ | ૧૩૭ | ૩૬ | ૭૬ | ૪૬ | ૧૫ |

- **જા.ક્ર.-૦૩/૨૦૧૬-૧૭** નોંધઃ- (૧) ઉપર્યુક્ત જગ્યાઓ પૈકી એક પણ જગ્યા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત નથી, પરંતુ O.A. (One Arm affected) or O.L. (One Leg affected) or O.L.A. (One Leg Arm affected) or B.L. (Both leg effected) or B.L.O.A. (Both leg One Arm affected) or B. (Blind) or L.V. (low Vision) or H.H. (Hearing Handicapped) ની ૪૦% કે તેથી વધુ શારીરિક અશકતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર ગણાશે. (૨) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિનઅનામત કક્ષાના લાગું પડશે.
- **જા.ક્ર.-૦૩/૨૦૧૬-૧૭ની શૈક્ષણિક લાયકાત :-** (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ,૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી કોઈપણ વિદ્યાશાખાની ઓછામાં ઓછી દ્વિતીય વર્ગ સાથેની સ્નાતકની પદવી અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈશે; અને (૨) સરકારી વિભાગમાં મુખ્ય કારકૂનના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગ્યા પર અથવા સ્થાનિક સત્તા મંડળ અથવા સરકારી ઉપક્રમ (અન્ડ રટેકીંગ)માં, બોર્ડ અથવા કોર્પોરેશન અથવા ભારતમાં કાયદા હેઠળ સ્થપાયેલ લિમિટેડ કંપનીમાં મુખ્ય કારકૂનની ઉપર્યુકત જગ્યાને સમકક્ષ એવી જગ્યા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવા જોઇશે; (૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવા જોઇશે. ૪. ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવા જોઇશે.
- **જા.ક્ર.-૦૩/૨૦૧૬-૧૭ની ઉમરઃ-** ૪૦ વર્ષથી વધુ નહીં. ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (પ્રસ્તુત જગ્યાના ભરતી નિયમો અનુસાર ઉપલી વયમર્યાદા- ૩૫ વર્ષની છે, પરંતુ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩/૧૦/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૩૬/૨૦૧૫/સીઆરઆર/ ૧૧-૨૦૦૮/ ૨૮૨૩૨૩/જી. ૫ અનુસાર ઉપલી વયમર્યાદામાં ૦૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર હોઈ આ જગ્યા માટે ઉપલી વયમર્યાદા ૪૦ વર્ષની ગણવાની રહે છે.)
- **જા.ક્ર.-૦૩/૨૦૧૬-૧૭ માટે પગાર :-** રૂ. ૯,૩૦૦ – રૂ. ૩૪,૮૦૦, ગ્રેડ પે રૂ. ૪,૬૦૦/-
- **જા.ક્ર.-૦૪/૨૦૧૬-૧૭** નોંધઃ- (૧) ઉપરોક્ત દર્શાવેલ જગ્યાઓ પૈકી ૪૬ જગ્યાઓ BL (Both Legs affected but not Arms) અથવા OL (one leg) ની ૫૦% થી ૭૫% ની અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત છે. ૧૫ જગ્યાઓ માજી સૈનિક ઉમેદવારો માટે અનામત છે. (૨) મહિલા માટેની અનામત જગ્યાઓ સામે પુરતા ઉમેદવાર ઉપલબ્ધ નહિં થાય તો તે જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.
- **જા.ક્ર.-૦૪/૨૦૧૬-૧૭ની શૈક્ષણિક લાયકાતઃ-** (૧) ભારતમાં કાયદાથી સ્થાપિત યુનિવર્સિટીની એમ.બી.બી.એસ.ની પદવી અથવા એમસીઆઈ એક્ટ ૧૯૫૬ ના પ્રથમ અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ સમકક્ષ લાયકાત. (૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની વખતોવખતની જોગવાઈ અનુસારનું કોમ્પ્યુટર અંગેનુ પ્રાથમિક જ્ઞાન. નોંધ :- ૧. પસંદગી પામેલા ઉમેદવારે ગુજરાત મેડીકલ કાઉન્સીલ એક્ટ, ૧૯૬૭ અનુસાર નોંધણી કરાવેલ ન હોય તો ફરજ પર હાજર થતા પહેલા નોંધણી કરાવી લેવાની રહેશે.
- **જા.ક્ર.-૦૪/૨૦૧૬-૧૭ની ઉમરઃ-** ૩૫ વર્ષ થી વધુ નહીં.
- **જા.ક્ર.-૦૪/૨૦૧૬-૧૭ માટે પગાર :-** રૂ. ૯૩૦૦-૩૪૮૦૦/- + ગ્રેડ પે રૂ. ૫૪૦૦/-
- **નોંધઃ-** (૧) જા.ક્ર.-૦૩/૨૦૧૬-૧૭ ની જાહેરાતમાં ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ અરજીપત્રક તથા જરૂરી બિડાણો જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ મોકલવાના રહેશે.

(૨) જા.ક્ર.-૦૪/૨૦૧૬-૧૭ ની જાહેરાતમાં ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ અરજીપત્રક તમામ જરૂરી બિડાણો તથા પોસ્ટ ઓફીસ / ઈ- પેમેન્ટથી ફી ભરેલ ચલણ (રિસીપ્ટ) ની નકલ સાથે ગુજરાત જાહેર સેવા આયોગ, પહેલો માળ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ કચેરીમાં તારીખ-૨૭/૦૫/૨૦૧૬ સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલવાના રહેશે અથવા રૂબરૂમાં આપી જવાના રહેશે. ●

(અનુસંધાન પાન નં. ૪ નું ચાલુ)

Application Number type કરો અને તમારી Birth Date Type કરો ત્યારબાદ Ok પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સેમી. ઊંચાઈ અને ૩.૬ સેમી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સેમી. ઊંચાઈ અને ૭.૫ સેમી. પહોળાઈ રાખવી.) Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo (10 kb સાઈઝથી વધારે નહિ તે રીતે) અને signature (10 kb સાઈઝથી વધારે નહિ તે રીતે) jpg format માં computer માં હોવા જોઈએ.) Browse button પર Click કરો હવે Choose fileના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે તે ફાઈલને select કરો અને open button ને Click કરો. હવે તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૪) હવે પેજના ઉપરના ભાગમાં Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date ટાઈપ કર્યા બાદ OK પર કિલક કરવાથી ૨ બટન (૧) show application preview અને (૨) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો .. કરી લેવું. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો confirm application પર Click કરો તેથી તમારી અરજીનો નિગમમાં online સ્વીકાર થઈ જશે. (અરજી confirm કરવી ફરજીયાત છે.) અહીં confirmation number generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ તમારે સાચવવાનો રહેશે. (૧૬) હવે print application પર Click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો confirmation number type કરીને જન્મ તારીખ નાંખવાથી print બટન મળશે. print બટન પર Click કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી. ●

# HIGH COURT OF GUJARAT

**SOLA.AHMEDABAD.**

**Recruitment to the Post of Computer Operator (IT Cell)**

**No. *RC/B/* 1304/2015 (c.o)**

The High Court of Gujarat invite Online applications from eligible candidates for filling up of **61** Vacant posts of Computer Operator(IT Cell)on the establishment of the High Court of Gujarat. All the necessary details as regards recruitment to the said Posts will be made available on the High Court Website **www.gujarathighcourt.nic.in** and **http://hc-ojas.guj.nic.in** as also on the Notice Board of High Court and all District Courts from 29/04/2016. Regestration of Online Applications, shall commence on 02/05/2016 at 12.00 Hrs. Last date for submission of On-line Application will be 31/05/2016, 24:00

Registrar(Recruitment and Finance) ●

## આવતા અંકમાં જુઓ...

- **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : ભારતીય સનદી સેવા પરીક્ષા( IAS/IPS)
  **જગ્યાની સંખ્યા** : ૧૦૭૯
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૨૭-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : www.upsc.gov.in
- **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ
  **જગ્યાની સંખ્યા** : ૧૧૦
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૨૭-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : www.upsc.gov.in
- **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**
  **જગ્યાનું નામ** : ઇન્સ્ટ્રકટર,લાયબ્રેરીયન,કેટેલોગર
  **જગ્યાની સંખ્યા** : ૨૮૫
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૧૩-૫-૨૦૧૬
  **વેબ સાઇટ** : http://ojas.gujarat.gov.in

# ધી કમાન્ડન્ટ, EME સ્કૂલ, ફતેગંજ : વડોદરા

## ગ્રુપ - 'સી'ની જગ્યાઓ માટે ભરતી

ભારતીય સંરક્ષણ દળની ઈલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયર્સ કોર્સ (EME) સ્કૂલમાં 'ગ્રપ-સી'ની ભરતી માટે લાયકાત ધરવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવવામાં આવે છે.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૨-૫-૨૦૧૬**

❑ **જગ્યાઓની વિગતો :**

♦ **(૧) પોસ્ટર આર્ટિસ્ટ :** જગ્યાની સંખ્યા-૦૧(સામાન્ય વર્ગ)

❑ **શૈક્ષણિક લાયકાત :** મેટ્રિક્યુલેશન તથા આર્ટ વર્કમાં ત્રણ વર્ષનો અનુભવ.

♦ **(૨) સિવિલિયન મોટર ડ્રાઇવર (સામાન્ય ગ્રેડ) :** જગ્યાની સંખ્યા-૦૯(સામાન્ય-૦૪,અ.જા.-૦૨,અ.જ.જા.-૦૧,અ.પ.વ.-૦૨)

❑ **શૈક્ષણિક લાયકાત :** મેટ્રિક્યુલેશન અથવા સમકક્ષ. ભારે વાહનો ચલાવવા અંગેનું સિવિલિયન ડ્રાઇવીંગ લાયસન્સ ધરાવતા હોવા સાથે આ પ્રકારના ભારે વાહનો ચલાવવા અંગે બે વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

♦ **(૩) લોઅર ડિવિઝન કલાર્ક :** જગ્યાની સંખ્યા-૦૩(સામાન્ય-૦૨,અ.જ.જા.-૦૧)

❑ **શૈક્ષણિક લાયકાત :** માન્ય બોર્ડ અથવા યુનિવર્સિટીમાંથી ધો-૧૨ અથવા સમકક્ષ પરીક્ષા પાસ. કોમ્પ્યુટર ઉપર અંગ્રેજી ટાઇપીંગની પ્રતિ મિનિટ ૩૫ શબ્દોની ઝડપ હોવી જોઇએ અથવા હિન્દી ટાઇપીંગમાં પ્રતિ મિનિટ ૩૦ શબ્દોની ઝડપ હોવી જોઇએ.

♦ **(૪) ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનિક(હાઇલી સ્કીલ ગ્રેડ-II):** જગ્યાની સંખ્યા-સામાન્ય-૦૧.

❑ **શૈક્ષણિક લાયકાત :** ૧૦ + ૨ પાસ તથા સબંધીત ટ્રેડમાં આઇ.ટી.આઇ.અથવા ગ્રેડ અથવા સબંધીત ટ્રેડમાં સંરક્ષણ દળોના જવાન અથવા એક્સ સર્વિસમેન ઓછામાં ઓછા ગ્રેડ-૧ સાથે.ઇચ્છનીય-એન.સી.ટી.વી.ટી.પ્રમાણપત્ર.

♦ **(૫) કારપેન્ટર એન્ડ જોઇનર :** જગ્યાની સંખ્યા-સામાન્ય-૦૧.

❑ **શૈક્ષણિક લાયકાત :** સબંધીત ટ્રેડમાં આઇ.ટી.આઇ.અથવા ગ્રેડ અથવા સબંધીત ટ્રેડમાં સંરક્ષણ દળોના જવાન અથવા એક્સ સર્વિસમેન ઓછામાં ઓછા ગ્રેડ-૧ સાથે.ઇચ્છનીય-એન.સી.ટી.વી.ટી.પ્રમાણપત્ર.

♦ **(૬) જેસ્ટેટનર ઓપરેટર :** જગ્યાની સંખ્યા-૦૨(સામાન્ય-૦૧,અ.પ.વ.-૦૧)

❑ **શૈક્ષણિક લાયકાત :** માન્ય બોર્ડમાંથી મેટ્રિક્યુલેશન અથવા સમકક્ષ પરીક્ષા પાસ.

♦ **(૭) સંદેશાવાહક :** (હવે MTS તરીકે)જગ્યાની સંખ્યા-૦૨(સામાન્ય-૦૧,અ.પ.વ.-૦૧) **શૈક્ષણિક લાયકાત : આવશ્યક :** મેટ્રિક્યુલેશન અથવા સમકક્ષ. **ઇચ્છનીય :** સબંધીત ટ્રેડની સારી જાણકારી ધરાવતા હોવા સાથે એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

♦ **(૮) માળી :** (હવે MTS તરીકે)જગ્યાની સંખ્યા-૦૧ અ.જ.જા.**શૈક્ષણિક લાયકાત : આવશ્યક :** મેટ્રિક્યુલેશન અથવા સમકક્ષ. **ઇચ્છનીય :** સબંધીત ટ્રેડની સારી જાણકારી ધરાવતા હોવા સાથે એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

♦ **(૯) ચોકીદાર :** (હવે MTS તરીકે)જગ્યાની સંખ્યા-૦૩ (સામાન્ય-૦૨,અ.પ.વ.-૦૧)**શૈક્ષણિક લાયકાત : આવશ્યક :** મેટ્રિક્યુલેશન અથવા સમકક્ષ. **ઇચ્છનીય :** સબંધીત ટ્રેડની સારી જાણકારી ધરાવતા હોવા સાથે એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

♦ સિવિલિયન મોટર ડ્રાઇવરની જગ્યાઓમાં ૦૧ જગ્યા એક્સ સર્વિસમેન (સામાન્ય અથવા અ.પ.વ.) તથા લોઅર ડિવિઝન કલાર્કની જગ્યા માટે ૦૧ જગ્યા એક્સ સર્વિસમેન (સામાન્ય) માટે અનામત છે.

♦ શારીરિક ખોડ ખાંપણ ધરાવતા ઉમેદવારો માટે રોસ્ટર મુજબ કોઇ જગ્યા અનામત નથી.પરંતુ તેઓ અરજી કરી શકે છે.

♦ ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી ક્રમ નં.૧ OA, OL, OAL,BL, HH માટે, ક્રમ નં. ૩ OL, B, LV, HH માટે, ક્રમ નં.૪ OL, OA, BL માટે, ક્રમ નં.૫ OL, BL, HH,ક્રમ નં.૬ થી ૯ માટે OA, OL, HH,B,LV ખામી ધરાવનાર વિકલાંગ ઉમેદવારો માટે યોગ્ય ગણવામાં આવી છે. તેથી આવા ઉમેદવારો પણ સબંધીત ટ્રેડ માટે અરજી કરી શકશે.

♦ **Abreviations used :** BLA-Both Legs and Arms, BA-Both Arms, OL-One Leg, BL-Both Legs, OAL-One Arm and One Leg, B-Blind, LV-Low Vision, H-Hearing, OH-Orthopaedically Handicapped, , VH-Visually Handicapped, HH-Hearing Handicapped, D-Deal, PD-Partially Deaf, PB-Partially Blind,

♦ **પગાર ધોરણ :** ક્રમ નં. ૧ માટે રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦ વત્તા રૂા. ૨૦૦૦ ગ્રેડ પે, ક્રમ નં. ૨,૩,૫ માટે રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦ વત્તા રૂા. ૧૯૦૦ ગ્રેડ પે, ક્રમ નં. ૪ માટે રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦ વત્તા રૂા. ૨૪૦૦ ગ્રેડ પે.ક્રમ નં. ૬ થી ૯ માટે રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦ વત્તા રૂા. ૧૮૦૦ ગ્રેડ પે.

♦ **વય મર્યાદા :** ૧૮ થી ૨૫ વર્ષ. ડ્રાઇવર માટે ૧૮ થી ૨૭ વર્ષ

♦ **વય મર્યાદામાં છૂટછાટ :**

❖ કેન્દ્ર સરકારના નિયમોનુસાર સરકારી કર્મચારીઓને પોસ્ટ નં. ૧, ૩, ૪, ૫, માટે ૪૦ વર્ષની વય સુધી, પોસ્ટ નં. ૬ થી ૯ માટે ૩૫ વર્ષની વય સુધી.

❖ એક્સ સર્વિસમેનને સેવાના વર્ષો વત્તા ત્રણ વર્ષ.

❖ અ.જા./ અ.જ.જા.વર્ગને પાંચ વર્ષ, અ.પ.વ.ને ત્રણ વર્ષ.

❖ શા.ખો.ખાં.ધરાવતા સામાન્ય વર્ગ ને ૧૦ વર્ષ, અ.જા./અ.જ.જા. વર્ગને ૧૫ વર્ષ, અ.પ.વ. ને ૧૩ વર્ષ.

❖ જગ્યાઓ અખિલ ભારતીય સેવાના ધોરણે છે.

❖ અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ સાદી ટપાલથી નીચે દર્શાવેલ સરનામે અરજીઓ મોકલી આપવાની છે.

The Commandant, EME School, Fatehgunj, Vadodara-390008.

❖ અરજી મોકલવાના કવર પર "APPLICATION FOR THE POST OF__________ લખવું.

❖ **અરજી સાથે નીચે દર્શાવેલ પ્રમાણપત્રોની પ્રમાણીત નકલો બીડવી.**

❖ જન્મ તારીખની ખરાઈ માટે મેટ્રિકયુલેશન/ મ્યુનિસિપાલીટીનું જન્મ પ્રમાણપત્ર

❖ શૈક્ષણિક લાયકાત

❖ જાતિનો દાખલો.

❖ શા. ખો. ખાં. માટે તબીબી પ્રમાણપત્ર.

❖ એક્સ સર્વિસમેન માટે ડિસ્ચાર્જ પ્રમાણપત્ર.

❖ સરકારી કર્મચારીઓ માટે એન.ઓ.સી.

❖ અરજી સાથે સ્વયંનું નામ-સરનામું લખેલ રૂા. ૫ ની ટિકિટ ચોંટાડેલું પરબીડિયું બીડવું.

❖ કોઈ પ્રવાસ ભથ્થું મળશે નહી. વડોદરા ખાતે યોજાનીરી કસોટી માટે બે થી ત્રણ દિવસ સ્વયંના ખર્ચે રોકાણની વ્યવસ્થા કરવાની રહેશે.

### Application Form

1.Post applied for.................................

2.Name of the candidate.......................

3.Father's/Husband's Name...................

4.Date of Birth (Proof enclosed)...........

5.Correspondence address....................

Affix letest passport size photograph duly attested by a Gazetted Officer

6.Permanent Home address...................

7.Category (SC/ST/OBC/Gen/ESM)......

(Proof enclosed)

8. Nationality........................................

9. Educationsl Qualifications..................

(i) Academic........................................

(ii) Experience......................................

Certified that the particulars mentioned in the application form are correct and true to the best of my knowledge and brief. If found false at any stage, my service may be terminated without notice.

**Place :**

**Date :** **(Signature of the applicant)**

### Acknowledgement/Admission Card

1. Post applied for................................

2. Name of candidate...........................

3. Signature of candidate......................

Affix letest passport size photograph duly attested by a Gazetted Officer

(For official use only)

4. Your application is heraby accepted.

5. Post..........category.......Inbox No.......

6. Trade test

(a) Date...............................................

(b) Time...............................................

(c) Place.............................................

Note : Candidate to bring original documents on the date of written examination.

## કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૬

## ટૂંક સમયમાં પ્રસિધ્ધ થશે

*ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા દર વર્ષે એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષાના પરિણામો સમયે વિદ્યાર્થી અને વાલીઓને જરૂરી માર્ગદર્શન પુરું પાડવા અને કારકિર્દી ઘડતરની મહત્વપૂર્ણ પળે મદદરૂપ થવાના આશયથી ગુજરાત રોજગાર સમાચારનો 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' પ્રસિદ્ધ કરવાની પ્રણાલી રહી છે.*

*આ પરંપરાના ભાગ રૂપે આ વર્ષે પણ કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં આવનાર છે. ધો.-૧૦ પછી મળતા વિકલ્પોમાં વિવિધ અભ્યાસક્રમો, આઇ.ટી.આઇ. અભ્યાસક્રમો, ડિપ્લોમા એન્જિનિયરીંગ અભ્યાસક્રમો, વ્યક્તિત્વ વિકાસને લગતા લેખો આવરી લેવામાં આવ્યા છે. ધો.-૧૨ પછી મળતા વિકલ્પોમાં વિવિધ અભ્યાસક્રમો જેવાં કે, એન્જિનિયરીંગ, ફાર્મસી, તબીબી ક્ષેત્રે ઉપલબ્ધ બેઠકો, ક્લોઝરની માહિતી, મહત્વની વેબસાઇટની સૂચિ, સ્નાતક પછીની કારકિર્દીની વિશાળ તકો, સ્પર્ધાત્મક ભરતી વિષયક માર્ગદર્શન, પ્રવેશ પરીક્ષાઓ, શિષ્યવૃત્તિ, એજ્યુકેશન લોન ,મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના,મુદ્રા યોજના જેવા વિષયોને લગતા લેખો તજજ્ઞ લેખકો દ્વારા તૈયાર કરી આશરે ૨૦૦ થી પણ વધુ પાનાનો દળદાર 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૬' ટૂંક સમયમાંપ્રસિદ્ધ કરવામાં આવશે.*

*આ વિશેષાંક ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકના નોંધાયેલા ગ્રાહક મિત્રો તેમજ અન્ય તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને રૂા. ૨૦ની કિંમતે વહેલા તે પહેલાના ધોરણે ગાંધીનગર ખાતેની વડી કચેરી તેમજ જિલ્લા માહિતી કચેરીઓ ઉપરાંત ન્યૂઝ પેપર સામયિકના એજન્ટ/વિક્રેતા પાસેથી મળી શકશે.*

- તંત્રી

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.